સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

સલામી સવારની..

ગરમાઇ જાય ખિસ્સાં, ખાખી ભરમાઇ જાય છે
નરમાઇ તપાસમાં, ન્યાય શરમાઇ જાય છે,
ઘરબાઇ જાય છે સત્ય દબાણો ના ભાર નીચે -
કરોડપતિ કને કાયદાય કરમાઇ જાય છે.

હાઈકુ

દીધો છે ડંકો,
હેટ્રીક ના નગારે
દિલ્હી ના દ્વારે..

...ને 'કુંવરજી,'
- તો થઇ જશે 'રાજા'
એક ગૂલાંટે..

ચિંતન

યસ્ય જીવતિ જીવન્તિ બહવઃ સ તુ જીવતિ ।
કાકો અપિ કિં ન કુરૂતે ચંચ્વા સ્વોદર પૂરણમ્ ॥

'જેના જીવવાથી અનેક જીવોનું જીવન-પોષણ પામે છે, જીવી જાય છે, તે ખરેખર સાચું જીવે છે. એનું જીવન યથાર્થ છે, બાકી તો શું કાગડો પણ પોતાની ચાંચથી પોતાનું પેટ નથી ભરી લેતો?'

જો માણસ પાસે સમૃધ્ધિ હોય, શક્તિ હોય, શ્રમ-પરિશ્રમની સેવા ભાવના હોય, નાના-મોટા જીવો માટે પોતાનાથી થઇ શકે તેવી સેવા-સુશ્રુતા કરે એવા સેવાભાવી જીવનું જીવવું જ યથા-યોગ્ય છે. માણસ પોતાના માટે કમાય-સંગ્રહ કરે - વારસો મૂકી જાય એ સંતાનોના આળશનું જ માત્ર પોષણ કરે એવી મિલ્કત-સંપત્તિ-સમૃધ્ધિ શું કામની?

અડધી રોટલીમાંથી પણ અર્ધીનું દાન કરી પોતે ખાય એ જ સાચું જીવન છે. આપણા વર્ણાશ્રમોમાં પણ આજ વ્યવસ્થા હતી, એકમેકનું પાલન-પોષણ કરી સમાજને ટકાવી-વિકસાવી રાખવો, જરૂરિયાતમંદ-ગરીબ-દીન-દુઃખીને મદદ કરવી એજ સાચો જીવનનો દૃષ્ટિકોણ છે.

બાકી, પોતાની કમાણી પોતે ખાય અને આરામથી ભૌતિક સુખો ભોગવી ચરબી ચઢાવે એ જીવન નથી, કાગડા-કૂતરાં પણ રખડી-ભટકી પોતાનું પેટ ભરી લે છે. જિંદગીનો મકસદ માત્ર પેટપૂર્તિ નથી - જ નથી.

સુવિચાર

- પ્રેમ જ્યારે આત્મ સમર્પણની પરિસ્થિતિએ આવે છે તેને લગ્ન કહેવામાં આવે છે - **પ્રેમચંદ**
- ચિર આનંદ કે ચિરદુઃખ બધાં લગ્નની શક્તિ અને પ્રક્રિયાથી નિયંત્રિત રહે છે- **જેરમી ટેલર**
- લગ્ન દ્વારા સ્ત્રી-પુરૂષમાં ખૂટતી શક્તિઓની પૂર્તિ થાય છે - **હિપ્પોલ**
- લગ્ન જીવન એક જુગાર છે જેમાં પુરૂષે પોતાની સ્વતંત્રતા અને સ્ત્રીને પોતાની પ્રસન્નતા દાવમાં મૂકવી પડે છે - **માદામ રિમુ**
- પ્રેમ એ લગ્નનું ઉગતું પ્રભાત છે અને લગ્ન એ પ્રેમની સંધ્યા છે - **ડી. ગોલ**
- પ્રથમ લગ્ન એ પવિત્ર કર્તવ્ય છે, બીજીવારના લગ્ન એ મૂર્ખતા છે અને ત્રીજીવાર તો ગાંડપણ જ છે - **બાલઝાક**
- લગ્ન એ એક એવી પ્રણય કથા છે જેમાં નાયકનું પહેલાં જ પ્રકરણમાં મૃત્યુ થઇ જાય છે - **બુલબર**

બોધ કથા

આજે તબીબી શાખામાં જવા માટે માધ્યમિક કક્ષાથી વિષયવાર ટ્યુશનના ખર્ચ, પુસ્તકો, ટકાવારીની ચિંતા, પ્રવેશ ફી, ડોનેશન અને ડીગ્રી સુધી લાખો કરોડોની એફડી લઇ કોલેજમાં બહાર આવેલો ડોક્ટર નોકરી કે દવાખાનું ખોલતાં જ એ એફડી પકડવાની પ્રવૃત્તિમાં પડી જાય છે અને રોકેલાં નાણાં દર્દીઓને નચોવી કેમ ઓકાવું એની વેતરણમાં જ પડી જાય છે આજનાં યુગમાં 'સેવાભાવી ડોક્ટર' એક આદર્શ-કલ્પના જ માત્ર કથાનું પાત્ર બની ગયા છે.

ડો. મેન્સ ફીલ્ડ ધાર્મિક-ગરીબ પરિવારમાં ઉછર્યા પણ જાત મહેનતે બ્રાઝીલમાં ભણ્યા અને ડોક્ટર થયા. ગરીબીનો નિકટનો પરિચય હતો એટલે ગરીબ દર્દીઓની સારવાર કરવાનો જ મક્કમ નિર્ધાર હતો.

બ્રાઝીલના જંગલમાં એક છેવાડાના ગામમાં દવાખાનું ખોલ્યું, ભાડે મકાન શોધ્યું, એક કરિયાણાની દુકાન ઉપર એક ખંડ ભાડે મળ્યો. દુકાન પાસે બોર્ડ મૂક્યું, 'ડો મેન્સ ફીલ્ડનું ઉપર છે.' અને તીરથી પગથિયાં દર્શાવ્યા..

આસપાસના અનેક ગામડાંનાં દર્દીઓની સેવા કરી એક સેવાભાવી ડોક્ટર તરીકે ખૂબ નામનાં મેળવી શ્રીમંત દર્દીઓના દાનથી દવાખાનું ચાલ્યા કરતું.

અંતે ઝેરી તાવનો ભોગ બન્યા, મૃત્યુ થયું ગામ લોકોએ એમની કબર પાસે એ જ દુકાનવાળુ પાટિયું મૂકી દઇ શ્રધ્ધાંજલિ આપી. 'ડો. મેન્સ ફિલ્ડનું દવાખાનું ઉપર છે.' માત્ર તીર જે પગથી તરફ હતું તે આકાશ તરફ દોર્યું...

જે પ્રજા ઇતિહાસ શીખવા માગતી નથી, એ પ્રજાને ઇતિહાસ ફરીથી વારંવાર શીખવો પડે છે...

વિચાર યાત્રા
- જય ઓઝા

મૈં એક ભાવુક સા કવિ
ઇસ ભીડ મેં ગાતે - ગાતે ચિલ્લાને લગા હૂં
મેરી ચેતના જડ હો ગઇ હૈ -
ઉસ જમીન કી તરહ
વર્ષા મેં પરતી રહ જાને કે કારણ
જિસને હલ નહીં લગે...
યહ દેખતે - દેખતે
કિ કિતને ભયાનક ભ્રમ મેં જીએ હૈ યે વર્ષ
યહ સોચતે - સોચતે કી મેરા કસૂર કયાં હૈ
ઔર કયાં કિયા હૈ ઇન લોગોનેં
જો જીવનભર સભાઓ મેં તાલીયાં બજાતે રહે,
ભૂખ કી શિકાયત નહીં કી
બડી શ્રધ્ધા સે -
થાલોં મેં સજે હુએ ભાષણ
ઔર પ્રેમ કી કરતને ખાતે રહે,
મેરા દિમાગ ભન્ના ગયા હૈ,
મૈં એક મામૂલી સા કવિ
ઇસ ગમ મેં ગાતે ગાતે ચિલ્લાને લગા હૂં,
નેતાઓ!
મુઝે માફ કરના
જરૂર કુછ સુનહલે સ્વપ્ન હોંગે -
જિન્હે મૈંને નહીં દેખા...
મૈંને તો દેખા, જો મશાલે ઉઠાકર ચલે છે...
વે તિમિરજયી
અંધેરે કી કહાનીયાં સુનાને મેં ખો ગયે...
ઠોકર ખા-ખાતર લંગડે હો ગયે....
અપંગ ઔર અપાહિજ બચ્યો કી તરહ
નંગે બદન
ઠંડ મેં કાંપતાં હુઆ એક - એક વર્ષ
તુમ્હારા આભારી હૂં રહનુમાઓ!
તુમ્હારી બદૌલત, મેરા દેશ,
યાતનાઓ સે નહીં,
ફુલમાલાઓ સે દબકર મરા હૈ!
મૈં એક મામૂલી સા કવિ
ઇસ ખુશી મે ગાતે ગાતે ચિલ્લાને લગા હૂં -

- દુષ્યન્તી કુમાર

આખી જિંદગી અબ્રાહ્મ લિંકનનું વાક્ય રટતા હતા કે, લોકશાહી એ બહુમતીની, બહુમતી માટે, બહુમતી દ્વારા ચાલતી સરકાર છે... અને જયારે આજે દિલ્હીમાં બેઠેલી સરકાર કે, જેની દૃષ્ટિમાં 'ની', 'માટે' કે 'સારા' એ માત્ર વિભક્તિથી વિશેષ કાંઇ નથી...

દરેક રાજનેતા કહે છે કે ધર્મ અને રાજકારણ જુદા રાખવા જોઇએ પરંતુ આ સલાહ મુસ્લિમ તુષ્ટિકરણ વખતે માળિયે ચડાવાય છે.

દુનિયાના બજારમાં રૂપિયો અવમૂલ્યના ઢાળ પરથી લસરતો નથી, ગબડી ચૂક્યો છે... છતાં પણ આપણે જિદ્દી સ્વરે કહેતા રહીએ છીએ કે રૂપિયાનું અવમૂલ્યન નહીં થાય...

યુધિષ્ઠિર 'કિમ્ આશ્ચર્યમ્' નો પ્રશ્ન યક્ષને પૂછશે... કે, ભારતભૂમિ પર જીવન કેવી રીતે ચાલી રહ્યું છે?

અહીં સરકારના દરેક ગોટાળા અને કૌભાંડ પછી ૨૪ કલાક ચાલતી ન્યૂઝ ચેનલ પર બેશરમ અને નમાલા નેતા સેન્સલેસ એક્સકયૂઝ આપીને પોતાની જાનને, પાર્ટીને છાવરે છે...

છાશવારે ધમકીઓ આપતા, બજેટ પછી તીખી પ્રતિક્રિયાઓ આપતા, બસપા, અને સપા માત્ર પોતાના સ્વાર્થ ખાતર જ સરકાર સાથે હજી જોડાયેલા છે...

આખી દુનિયામાં પોતાના મૌન આચારથ પંકાયેલા મનમોહનસિંહ કે જે શહેરના મેયર કે કલેક્ટર જેટલી પણ શાખ ધરાવતા નથી... ૧૨૦ કરોડની જનતાની આગેવાની કરનાર વ્યક્તિ જેવી કોઇ વિશેષતા જેનામાં નથી, લાલ કિલ્લા પરથી બે રાષ્ટ્રીય તહેવારમાં ભાષણ આપવામાં જે થરહિટ, જે જોમ, જે જુસ્સો આટલા નવ વર્ષોમાં ક્યારેય દેખાયું નથી, એ દુનિયાની વિશાળ લોકશાહી દેશનાં વડાપ્રધાન છે.

ઇમાનદારી અથવા પોતાને જે સત્ય લાગે એ માર્ગે ચાલવું બધાના કિસ્મતમાં હોતું નથી. ક્યારેક તો એને પ્રસિધ્ધિ પણ મળતી નથી... જીવનમાં પ્રસિધ્ધિ સહેલી વસ્તુ છે, સિધ્ધિ કઠિન છે. પ્રસિધ્ધિ એક કણસનો અસંતોષ હંમેશાં છોડતી રહેતી હોય છે, સિધ્ધિ વ્યક્તિને એક આંતરિક શક્તિ આપે છે.

અન્ના હજારેની ચળવળ પાછળ દેશ આખો ગાંડો થયો... અરવિંદ કેજરીવાલ પણ શરૂઆતમાં જે કોથળામાંથી બિલાડા કાઢતા રહ્યાં તેમાં લોકોએ રસ દાખવ્યો... અને આજે... AAP ની પાર્ટી બનાવીને અન્ના અને કેજરીવાલ અલગ પડી ગયા છે...

સ્વામી અગ્નિવેશની વાસ્તવિકતા પહેલેથી જ લોકો સમક્ષ આવી ગઇ હતી...

જનસમાજ ફરી અસમંજસવાળી સ્થિતિમાં આવી ગયો છે... આપણા સમાજનાં દ્વિમુખી અભિગમો સમજવા માટે આ ધરતીમાં એક આખી જિંદગી ઓછી પડે છે... અહીં ન્યાયધીશ દહેજનાં કેસમાં નિર્ણય આપે છે, અને સંતાનના લગ્ન નિમિત્તે દહેજ લઇ લે છે...

છદ્મ ને સમજવો મુશ્કેલ છે, કારણ કે છદ્મ મસ્કાબાજીના પેકીંગરૂપે વપરાય છે. અહીં સન્માનનો સમારંભ થતો નથી, સમારંભનું સન્માન કરવાનો રિવાજ છે... અહીં નેતા 'ખાધું, પીધું અને રાજ કર્યું કરે છે.' અને પછી નેતાપુત્ર 'રાજય કર્યું, પીધું અને ખાધું' એ ક્રમમાં ઇતિહાસ ચલાવે છે...

ક્યારેક લાગે છે કે રોબર્ટ ક્લાઇવ, સિરાજ-ઉદ્દૌલા, મીર જાફર, મીર કાસમ વગેરે... બધા પાત્રો આજે પણ ભારતમાં છે... ૧૭૫૭માં પ્લાસીનાં યુધ્ધમાં બંગાળ નવાબ સિરાજ ઉદ્ - દૌલાની હાર અને કંપનીના શાસનની શરૂઆત અને આપણી પરતંત્રતાનો અશુભારંભ! આ ઇતિહાસને ૨૦૧૩ સાથે કોઇ સીધો સંબંધ નથી પણ... FDI અને વોલમાર્ટ... હેલીકોપ્ટર સોદા... આ બધું...

બધાનો રાષ્ટ્રદ્રોહ, મિત્રદ્રોહ, આત્મવંચના... દગાબાજી એક જેવા જ લાગે છે...

હિન્દુસ્તાનમાં નાદાન અને લંપટ સિરાજો હતા, ગદ્દાર જયચંદ, અમીચંદ અને મામા મીર જાફરો હતા... નાના નાના વ્યક્તિગત લાભો માટે વિદેશીને દેશ વેચી આપનારા કાયર નામર્દો હતા... જૂનો ઇતિહાસ જેમ ફરીથી શીખવો પડે છે, તેમ ક્યારેક ફરીથી જીવવો પણ પડે છે...

કારણ કે પેલી પ્રચલિત ઉક્તિ છે ને - જે પ્રજા ઇતિહાસ શીખવા માગતી નથી, એ પ્રજાને ઇતિહાસ ફરીથી વારંવાર શીખવો પડે છે...

'જીવો અને જીવવા દો' એ સૂત્રને જીવનમંત્ર તરીકે અપનાવવાનો સમય પાકી ગયો છે

પ્રદૂષણથી બચીએ, પર્યાવરણને ઓળખીએ
- દિનેશ દેસાઇ

માનવજીવનની આસપાસ થઇ રહેલી વિવિધ પ્રવૃત્તિઓ વડે પ્રકૃતિના સમચક્રને કોઇને કોઇ રીતે હાનિ પહોંચે છે. પર્યાવરણને અસર કરે કે દુષિત કરે એ પ્રદૂષણ. 'પરિ' એટલે આસપાસ - ચોપાસનું અને 'આવરણ' એટલે આચ્છાદન. આપણી આસપાસનું આવરણ. પ્રકૃતિનું આવરણ - આચ્છાદન. માનવીની ચોતરફના આવરણ - વાતાવરણને નુકસાન પહોંચાડે એ પ્રદૂષણ. ખાસ કરીને ઔદ્યોગિક ક્રાન્તિ થવાની સાથે જ પર્યાવરણની નૈસર્ગિક સમતુલા ખોરવાતી રહી છે. માનવીની જુદી જુદી પ્રવૃત્તિઓની આડઉપજ રૂપે નીપજતાં હાનિકારક દ્રવ્યો, વાયુ, પ્રવાહી કે ઘનસ્વરૂપમાં હવા, પાણી કે જમીનમાં ભળી જઇને પર્યાવરણની સમતુલાને ખોરવી કાઢે છે.

પૃથ્વીની આસપાસનો સમગ્ર વિસ્તાર એટલે વાતાવરણ. આ વાતાવરણને પૃથ્વીની સપાટી અને અંતરિક્ષમાં રહેવા અવકાશ વચ્ચેના વિસ્તાર તરીકે ઓળખાવી શકાય. આ વાતાવરણમાં મુખ્ય ઘટકોમાં નાઇટ્રોજન, ઓક્સિજન

અને હવામાં અનેસ સ્તરનો સમાવેશ થાય છે. આ સ્તરનો એમનાં ઉષ્ણાતામાનનાં પરિવર્તકો, રાસાણચિક સંરચના, એની હિલચાલ અને ઘનતા ઉપરથી ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપરની સમગ્ર જીવનસૃષ્ટિને આ વાતાવરણ, સૂર્યઉર્જા અને આપણાં ગ્રહમાં ચુંબકીય ક્ષેત્રો ટકાવી રાખે છે.

પ્રદૂષણની અસરો વિશે વાત કરતાં પહેલાં આપણે પ્રદૂષણના પ્રકારો પણ જાણી લઇએ. પ્રદૂષણનાં મુખ્યત્વે ૪ પ્રકારો ગણાવી શકાય. દ્રવ્યપ્રદુષણ, જળપ્રદુષળ, જમીનપ્રદુષણ અને ધ્વનિપ્રદુષણ. પ્રદુષણની અસરો વિઘાતક પરિણામ લાવી શકે છે. કાર્બન ડાયોક્સાઇડમાં ગરમી શોષી લેવાનો ગુણ છે. પરિણામે વાતાવરણના નીચેનાં સ્તરમાં અને પૃથ્વીની સપાટી પર ગરમીની જે અસર આપણે અનુભવીએ છીએ એને 'ગ્રીનહાઉસ ઇફેક્ટ' કહેવામાં આવે છે. પરંતુ પ્રદુષણના કારણે જયારે પૃથ્વીનું તાપમાન વધી જાય ત્યારે ધ્રુવપ્રદેશો અને એમાંય ખાસ કરીને એન્ટાર્કટિકામાં જામેલો બરફ પીગળવા માંડે છે. આથી દરિયાનાં પાણીની સપાટી ઊંચી આવે છે. આથી દરિયાકિનારાના તેમજ નીચાણવાળા વિસ્તારોમાં આ પાણી ફરી વળતાં મોટી જાનહાનિ થવાની સંભાવના પણ ઊભી થાય છે. વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇટનું પ્રમાણ વધી જાય તો એની વિપરીત અસરો પડી શકે છે. ઇ.સ. ૧૯૦૦માં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ લગભગ ૨૯૬ પી.પી. એમ. હતું. જે વધીને ૧૦૦ વર્ષમાં જ ઇ.સ. ૨૦૦૦ માં ૩૫૦ પી.પી.એમ. થઇ ગયું હતું.

પ્રદૂષણની અસરો વિઘાતક નીવડી શકે છે. પર્યાવરણનો બગાડ એ એક વૈશ્વિક સમસ્યા છે. ઔદ્યોગિક વિકાસ અને વસ્તી વિસ્ફોટથી ખેતીલાયક જમીન ઓછી થવા માંડી છે. જંગલો કપાતાં રહેવાના કારણે વનવિસ્તાર સતત ઘટતો રહ્યો છે. આથી માત્ર માનવીને જ નહીં, જીવજંતુસૃષ્ટિના જીવનચક્રને પણ સતત અસર પહોંચી છે. આમ કુદરતી સ્રોતની અસમતુલા વધવા માંડી છે. વનવિસ્તાર ઘટવાથી સાથે વન્ય પ્રાણીઓનાં અસ્તિત્વ સામે તો આફત આવી જ છે. પરંતુ માનવીએ જુદા જુદા હેતુથી અનેક જાતનાં પશુ-પક્ષી-જીવજંતુઓને મારવા માંડ્યા છે.

આજે વાંદરા, હાથી, સિંહ, રીંછ, મોર, દેડકા, વાઘ સહિત કેટલાંક પશુ-પક્ષીઓની સંખ્યા ઘટવા લાગી છે. સાપની કાંચળીનો વેપાર થવા માંડ્યો અને ચોક્કસ જાતિનાં વાંદરાની નિકાસ થવા માંડી. ફરમાં ગરમ વસ્ત્રો માટે રૂંવાટીવાળા પ્રાણીઓની નિર્મમપણે કત્લેઆમ થવા લાગી. આ બધી અસરો પર્યાવરણીય પ્રદૂષણની છે. પ્રદૂષણ એ ઔદ્યોગિક વિકાસની માઠી અસરનું કડવું સત્ય છે. પ્રદૂષણની અસરો વિઘાતક પરિણામ પણ લાવી શકે છે. વળી તેની અસરો લાંબા ગાળાની પણ હોઇ શકે છે. 'જીવો અને જીવવા દો' એ સૂત્રને જીવનમંત્ર તરીકે અપનાવવાનો સમય પાકી ગયો છે. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનામાં સમગ્ર વસુધા એટલે કે સમગ્ર પૃથ્વીનો વિસ્તાર એ જ આપણું કુટુંબ છે, એવી આત્મીયતાપણાંની ભાવના સાથે આપણે પર્યાવરણની જાળવણી કરીશું તો જ પ્રદૂષણની અસરોથી બચી શકાશે.

જ્ઞાતિનાં બાળકોનાં શિક્ષણ માટે હંમેશા તન-મન-ધનથી કાર્યરત રહી અન્યને ઉપયોગી થવાની ઉમદા લાગણી સલામને પાત્ર છે

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

જેમ દીપક પણ એક ખૂણે તો પ્રકાશિત કરી જ શકે છે. તેમ લેખકો, અભિનેતા-કલાકારો, સંગીતકારો તેમજ હાસ્ય કલાકારો ઇન્ટરનેટના માધ્યમથી એકબીજા સાથે જોડાય અને તેમની માહિતી એક જગ્યાએ એકત્રિત કરી શકાય. જેના કારણે કોઇ પણ કાર્યક્રમમાં કલાકારોનો ઝડપથી ઇન્ટરનેટના માધ્યમથી સંપર્ક કરી શકાય. તેવા હેતુથી આર્ટિસ્ટોનો પરિચય રજૂ કરતી ડિક્ષનરી જેવી માહિતી દર્શાવતી વેબસાઇટ www.sarjanhar.com લોંચ કરી છે. જેનાથી માઉસની એક ક્લિકથી વિશ્વના કોઇ પણ ખૂણેથી વેબસાઇટમાંથી માહિતી જોઇ શકાય છે. તેનું નિર્માણ દિનેશ ગજ્જરે કર્યું છે.

દિનેશ નટવરલાલ ગજ્જર (ચારોલા) સુરેન્દ્રનગરની ગુજરાતમાં સારી નામનાં ધરાવતા શ્રી સરદાર પટેલ વિદ્યાલયમાં એકાઉન્ટન્ટ અને કોમ્પ્યુટર ડિઝાઇનરની ફરજ બજાવે છે. તા. ૨૯-૯-૧૯૭૪માં લીંબડી તાલુકાના ઊંટડીમાં તેમનો જન્મ થયો. બી.કોમ. કર્યા પછી પરિવારની જરૂરિયાતને કારણે ફર્નિચરના ધંદામાં લાગી ગયા. જેથી આગળ અભ્યાસ ન થઇ શક્યો. સાહિત્યમાં અને કોમ્પ્યુટર ક્ષેત્રમાં રસ-રૂચિને કારણે કોઇ ડિગ્રી વગર જાત અનુભવે સાઇડમાં પાર્ટ ટાઇમ સર્વિસ કરતાં - કરતાં છેલ્લા ચાર વર્ષથી ફુલટાઇમ સર્વિસમાં શાળામાં મેનેજમેન્ટ ટીમનાં સભ્ય તરીકે સારી ખ્યાતિ મેળવી છે. 'શ્રધ્ધા કે અંધશ્રધ્ધા?' પ્રથમ લેખથી લેખક તરીકેની શરૂઆત કરીને સરકારી અભિયાનમાં બે-ત્રણ શેરી નાટકોમાં અભિનય કર્યો. ગુજરાત રાજયના શિક્ષણ પરિક્ષણ અંકમાં બે નાટકો પ્રકાશિત થયેલાં હતાં. જેમાં પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

શિક્ષણ, સાહિત્ય અને સમાજના યુવાચિંતક

સુરેન્દ્રનગરમાં તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ કાર્યક્રમની શરૂઆત વર્ષ - ૨૦૦૫ માં કરતાં છેલ્લા પાંચ વર્ષથી તમામ કાર્યોમાં એન્કરની જવાબદારી વહન કરે છે.

વિશ્વકર્મા વિશ્વ, વિશ્વકર્મા જગત, સાધના - અમદાવાદમાં અવારનવાર લેખો લખતાં શ્રી દિનેશ ગજ્જર સુરેન્દ્રનગરથી પ્રકાશિત થતાં "જનયુગ" દૈનિક, સમય, ટંકાર સાપ્તાહિકમાં સમયાનુસાર લેખો પણ લખે છે. ઉપરાંત 'નવકાર' સાપ્તાહિકમાં નિયમિત દર ગુરૂવારની કોલમ 'થર્સડે થોટ' પ્રસ્તુત કરે છે.

'શિક્ષણ અને પ્રશિક્ષણ'માં ચાર નાટક પ્રકાશિત થયેલાં છે. જેમાં સરકારશ્રીના મેગેઝીનમાં નાટક પ્રકાશિત કરનારી એકમાત્ર લેખક તરીકે અમદાવાદ, બોપલના સંસ્કારધામ વિદ્યાલયમાં પસંદગી પામેલ ૩૫ લેખક - કવિ ઉમેદવારોમાં શ્રી રમણવોરા (શિક્ષણમંત્રી) ની હાજરીમાં સન્માનિત થયા છે.

મંત્રી, શ્રી વિશ્વકર્મા ધર્મ પ્રચાર અને સમાજ સેવા સંસ્થાન, સુરેન્દ્રનગર, પ્રમુખ, સર્જનહાર કેળવણી મંડળ, સુરેન્દ્રનગર, સર્જનહાર કોમ વેબસાઇટનાં માધ્યમથી ગુજરાતભરના લેખકો, કલાકારો અને સંગીતકારોને વિશ્વનાં ફલક ઉપર ચમકાવવાની ઉમદા ભાવના શૈક્ષણિક સેમીનાર, નવરાત્રી ઉત્સવ, સમૂહ લગ્નોત્સવ તથા અનેક રાજકીય કાર્યક્રમોમાં એનાઉન્સરની સેવા કઇક અલગ કરવાની, વિચારવાની પ્રકૃતિ સમગ્ર જ્ઞાતિ માટે વર્ષોવર્ષ નવીનતમ કાર્યક્રમો કરવાનો થનગનાટ દિનેશ ગજ્જરમાં છે.

ચારોલા પરિવાર - સુરેન્દ્રનગરમાં સાત પેઢીમાં એકમાત્ર ગ્રેજયુએટ થનાર યુવાન હોવાથી ગ્રેજ્યુએશન પછીનાં અભ્યાસનું કોઇ જ માર્ગદર્શન કે પ્રોત્સાહન ન મળતાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી પર લાગ્યા છે તો હાલમાં શિક્ષણના અભાવનું જીવનમાં ખૂંચતાં જ્ઞાતિનાં બાળકોનાં શિક્ષણ માટે હંમેશા તન-મન-ધનથી કાર્યરત રહી અન્યે ઉપયોગી થવાની ઉમદા લાગણી સલામને પાત્ર છે. યુવા લેખક, શિક્ષણ રસિક, સૂત્રધાર દિનેશ ગજ્જરને અભિનંદન... શુભેચ્છા... તેનો મો. નં. ૯૮૨૫૭૭૬૨૭૪ છે.

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૫મી માર્ચ

- સામ્યવાદી જગતના સૂત્રધાર જોસેફ સ્ટાલિનની પુણ્યતિથિ ૫-૩-૧૮૭૮. રશિયાને સુખી, સમૃધ્ધ અને સુરક્ષિત બનાવા જે કાંઇ જરૂરી હતું તે બધું જ સ્ટાલિને કર્યું. રશિયાના લોહપુરૂષ કહેવાયા.
- ૧૯૧૫ - ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી આવીને શાંતિનિકેતન પહોચ્યા - શ્રી રવિન્દ્રનાથ ટાગોરને મળ્યા.



- ૧૯૬૭ - હિતેન્દ્ર દેસાઇએ મુખ્યપ્રધાન તરીકે શપત લીધા.



- ૧૯૮૭ - કવિ શ્રી ગની દહીંવાલાની પુણ્યતિથિ.